રૂ જેવા એકદમ પોચા અને જોતા જ ગમી જાય તેવા આ સફેદ કબૂતરો ચિલોડા ગામના એક ઠાકોર યુવાને પાળ્યા છે. શાંતિના દૂધ ગણાતા આ કબૂતરો માટે યુવાને સુંદર મજાનું ઘર બનાવ્યું છે. તેને અનાજના દાણા, બાજરીના રોટલા ખુબ ભાવે છે. આખો દિવસ ગુટરગુ.. કરતા રહી આ કબૂતરો જાણે શાંતિનો સંદેશો સમગ્ર વિશ્વમાં ફેલાવવા ઈચ્છતા હોય તેવું લાગી રહ્યું છે. *(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)*

સેક્ટરોમાં સિમેન્ટના રસ્તાની દરખાસ્ત અભરાઈએ

બે વર્ષ અગાઉ રૂ. ૧ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સેક્ટરોમાં સિમેન્ટના આંતરિક રસ્તાઓ બનાવવાની કાર્યયોજના પડતી મુકવામાં આવી છે. બે વર્ષ અગાઉ આ અન્વયે રૂ. ૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. જેમાંથી સે. ૬ અને ૭માં કામ હાથ ધરાયું હતું. સી.સી. રોડ બનાવવાનું કામ ખર્ચાળ હોવાથી આ યોજના પડતી મુકવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરના રોડનેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જ્યારે માર્ગોની મરામત અને સુધારણા પાછળ પણ પ્રતિ વર્ષ તોતિંગ રકમ વપરાય છે. શહેરના સેક્ટરોમાં સ્થિત રહેણાંક વિસ્તારના આંતરિક માર્ગો પાછળ પણ ત્રણ થી ચાર વર્ષના નિયત સમયાગાળાના અંતે રીસરફેસીંગનું કામ હાથ ધરવા મોટો ખર્ચ થાય છે. ડામરના રસ્તાઓનું વરસાદી પાણીમાં ધોવાણ થતા માર્ગ સુધારણાનું કામ ખર્ચાળ બન્યું છે. અગાઉ માર્ગ-મકાન વિભાગ દ્વારા સેક્ટરોની સોસાયટીઓમાં સ્થિત માર્ગો સિમેન્ટના બનાવવા કાર્યયોજના હાથ ધરવામાં આવીહતી. બે વર્ષ અગાઉ આ માટે રૂ. ૧ કરોડના ખર્ચને મંજૂરી આપી સે. ૬ અને ૭માં પ્રાયોગીક ધોરણે કામ પણ શરૂ કરાયું હતું. સી.સી. રોડનું ધોવાણ જલ્દી થતુ નથી પણ માર્ગનિર્માણ પાછળ ખર્ચ વધુ આવે છે. આવા સંજોગોમાં સિમેન્ટના રસ્તા બનાવવાની કાર્યયોજના પડતી મુકી દેવાઈ છે. બીજી તરફ શહેરના સેક્ટરોમાં સ્થિત રોડનેટવર્કને ચકાચક રાખવાનું કામ વધુ મુશ્કેલ અને ખર્ચાળ બન્યું છે. સેક્ટરોના આંતરિક માર્ગોનું રોડનેટવર્ક સુધારવા આ પાયલોટ પ્રોજેક્ટ ફરી અમલી બનાવવા પણ માંગ ઉઠવા પામી છે.

ઠંડીમાં સવારની શાળાઓના સમયમાં સમયસર ફેરફાર કરવો જોઈએ!

ગત વર્ષે મોડો અમલ થતા વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી હતી

ગાંધીનગર, તા. ૨૮

શિયાળાની કડકડતી ઠંડી શરૂ થતા શહેરનું જનજીવન હવે ઠંડીથી પ્રભાવિત થઈ રહ્યું છે. ઠંડીના દિવસોમાં મોર્નિંગ સ્કુલમાં સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓને ઠંડીમાં ઠુંઠવવાનો વારો આવે છે. ત્યારે આ મામલે શાળાના સમયમાં ફેરફાર કરવાના સરકારના આદેશનો સમયસર પાલન થાય તે પણ અનિવાર્ય છે. ગત વર્ષ શિક્ષણ વિભાગ અને શાળાના સંચાલકોએ આ મામલે ઘણે મોડેથી અમલ કર્યો હતો.

ઠંડીની ઋતુ શરૂ થતા શહેરી જનજીવન ઉપર ધીમે ધીમે તેની અસર જોવા મળી રહી છે. ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે ગમે ત્યારે કડકડતી ઠંડીનું મોજું ફરી વળે છે. આવા સંજોગોમાં ઠંડીથી પ્રભાવિત જનજીવનની સાથે વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ ઠંડી સહન કરવાનો વારો આવે છે. આકમક ઠંડીમાં વિદ્યાર્થીઓને થોડી રાહત મળે તે માટે મોર્નિંગ સ્કુલમાં શાળાના સમયમાં થોડો ફેરફાર કરવામાં આવે છે. આ મામલે સરકાર કક્ષાએથી પણ જરુરી આદેશ કરી દેવાયા છે. પરંતુ ગત વર્ષ નગરની શાળાઓમાં સમયનો ફેરફાર કરવામાં શિક્ષણ તંત્ર અને શાળાના સંચાલકોએ ઢીલ કરતા વિદ્યાર્થીઓને હાલાકી વેઠવી પડી હતી જ્યારે શાળાનો સમય બદલવા મોડે મોડે નિર્ણય કરાયો હતો. આ વખતે ઠંડીને ધ્યાને લઈ અત્યારથી જ શિક્ષણ તંત્ર એ શાળા સંચાલકો સાથે સંકલનમાં રહી નિયમ મુજબ શાળાના સમયમાં ફેરફાર કરી દેવા જાગૃત નાગરિકોએ જણાવ્યું છે. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી પણ શાળાઓમાં જરુરી સૂચના આપવા સૂર ઉઠવા પામ્યો છે.

શિયાળાના એંધાણ - શિયાળાની શરૂઆત થઈ ગઈ છે... ઠંડી ધીમે ધીમે વધી રહી છે... પારો ક્યારેક ગગડે છે તો ક્યારેક ગરમી વર્તાય છે... પરંતુ શિયાળાની ઠંડીથી બચવા આગોતરું આયોજન નગરજનો કરી લેતા હોય છે... શિયાળાના આગમનની સાથે જ સેકન્ડ હેન્ડ જાકીટ-સ્વેટરનું બજાર - પાથરણાવાળા માર્ગોની બાજુમાં ખુલ્લી જગ્યા પર જામે છે... અને નગરજનો આવતા-જતા આ સ્વેટર-જાકીટની ખરીદીમાં નજર તો નાખી જ લેતા હોય છે... (તસવીર : દિપક જાની)

ખૂણે... ...ખાંચરેથી

- **લગ્નસરાની ભરચક મોસમ વચ્ચે પણ સરકારી કાર્યક્રમોની વ્યસ્તતાને લઈ કર્મચારીઓના મન ખાટા થયા છે.**
- **કારફુન સંવર્ગમાંથી નાયબ મામલતદાર તરીકે બઢતી આપવા અંગે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક મળી જતાં કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.**
- **મેડીકલ સોસાયટી ગાંધીનગર દ્વારા આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક શામ બચ્ચન કે નામનું આયોજન કરાયું છે. જે કાર્યક્રમને શહેરની સંસ્થા પીચ કન્ટ્રી ક્લબ એન્ડ વિલાએ સોપ્સર કરેલ છે.**
- **ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોલીસ પોઈન્ટ છે પરંતુ આ પોઈન્ટ પર ફોન લેવા ઉપલબ્ધ ન હોવાથી પોલીસનો મોબાઈલ પર જ સંપર્ક કરવો પડે છે.**
- **ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે આરોગ્ય તંત્રએ પ્રસુતિ દરમ્યાન થતા માતા મરણની બાબતને લઈ ચિંતન કર્યું હતું.**

ઉદ્યોગભવન ક્લાર્કના આત્મહત્યા કેસમાં સીબીઆઈ તપાસની માંગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઉદ્યોગ ભવન ખાતે થોડા દિવસ અગાઉ ક્લાર્ક નરેશભાઈ ચાવડા આત્મહત્યા પ્રકરણમાં મૃતકના પરિવારજનોએ આજે ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ ગુજરાત રાજ્યને રજૂઆત કરી આ કેસની સી.બી.આઈ. તપાસ કરાવવા ઉગ્ર માંગ કરી છે.

રજૂઆત પત્રમાં જણાવેલ માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પ્લોટ નં. ૪૮૨/૧ ગાંધીનગર ખાતે રહેતા નરેશભાઈ ગણપતભાઈ ચાવડા ઉદ્યોગ ભવન ખાતે ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. દરમિયાન કચેરીના અધિકારીઓના ત્રાસથી ગત તા. ૨-૯-૨૦૧૩ના રોજ આત્મહત્યા કરી હતી અને સુસાઈડ નોટમાં ત્રણ અધિકારીઓના નામ દર્શાવવામાં આવ્યા હતા. જે અધિકારીઓ નયન પાઠક, વિજય શાહ અને સમીર વકીલ સામે સે. ૭ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ નામ હોવા છતાં આ તમામ આરોપી સામે આજદિન સુધી કોઈ પગલા ન ભરવામાં આવતા મૃતકના પરિવારજનો રાજુભાઈ ગણપતભાઈ ચાવડાએ ગુજરાત પોલીસના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસને લેખિતમાં રજૂઆત કરી છે. અને આ આત્મહત્યા કેસમાં સી.બી.આઈ. દ્વારા યોગ્ય તપાસ કરવા માંગણી કરી છે.

ભ્રષ્ટાચારની તપાસ માટે રચાયેલ શાહ પંચને વિખેરવાની માંગણી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય સરકારના ભ્રષ્ટાચારોની તપાસ માટે રચવામાં આવેલ શાહ કમીશનને વિખેરી નાંખવાની માંગણી આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી છે.

ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંક માટે હાઈકોર્ટના ચીફ જસ્ટીસે નિવૃત્ત જસ્ટીસ ડી.પી. બુચના સૂચવેલના નામને રાજ્ય સરકારે સ્વિકૃતી આપીને તેમની નિમણુંક કરવા રાજ્યપાલને ભલામણ કરી છે.

રાજ્ય સરકારના આ પગલા બાદ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે આ અંગેની એક પત્રકાર પરિષદમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે મોદી સરકારના ભ્રષ્ટાચારો માટે રચવામાં આવેલ શાહ પંચને હવે વિખેરી નાંકવું જોઈએ તેવી માંગણી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે એક વર્ષ અગાઉ વિપક્ષ કોંગ્રેસ દ્વારા મોદી સરકારના શાસનમાં એક લાખ કરોડના ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને જુદા જુદા ભ્રષ્ટાચારના સાત મુદ્દાઓ અંગે તપાસ પંચ નિમવાની કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવીહતી.

આજે મુખ્યમંત્રી રાજસ્થાનમાં ચૂંટણી સભાઓ સંબોધશે

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર શ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ શુક્રવાર તા. ૨૯ નવેમ્બર-૨૦૧ ઉના રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર પ્રવાસ કરશે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સુમેરપુર, પોકરણ અને સરદારપૂરામાં ભાજપા ઉમેદવારોના સમર્થનમાં રાજસ્થાન ભાજપા આયોજિત જાહેરસભાઓને સંબોધન કરશે.

શહેરમાં સફાઈનો મામલો સમિતિઓમાં જ અટવાયો

છેલ્લા દોઢ દાયકામાં વિવિધ સમિતિઓએ તૈયાર કરેલા રીપોર્ટની અમલવારીના નામે મીંડુ : ખર્ચો પણ માથે પડ્યો !

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરને ગંદકી મુક્ત અને સ્વચ્છ રાખવાના મામલે ચાર દાયકાના અંતે પણ કોઈ નક્કર આયોજન થઈ શક્યું નથી. નિર્મળ નગરની સુફીયાણી વાતોનો સૂર જ્યાંથી ઉઠે છે તેવા પાટનગરમાં જ દિવા તળે અંધારૂ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અસરકારક સફાઈ વ્યવસ્થાના અભાવે શહેરની શેરીઓમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જ્યારે શહેરમાં નમૂનારૂપ સફાઈ વ્યવસ્થા ગોઠવવા છેલ્લા દોઢ દોયકામાં વિવિધ સમિતિઓ દ્વારા તૈયાર કરાયેલા રીપોર્ટની અમલવારીના નામે પણ મીંડુ ચિતરાયું હોવાથી લાખોનું પાણી ઢોળ થઈ ગયું હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે.

શહેરમાં સાડાચાર દાયકાના અંતે પણ સફાઈ વ્યવસ્થા ગોઠવવા કોઈ અસરકારક આયોજન થયું નથી. નોટીફાઈડ એરિયા બાદ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા પછી પણ સફાઈનો મામલો જાણે હજુ અધ્ધરતાલ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગ્રીનસીટી અને ક્લીનસીટીના લેવલને કંગાળ બયાન કરતી સાચી હકીકતો સામે નગરજનોનું મોં વંકાયું છે. શહેરમાં અસરકારક સફાઈ વ્યવસ્થાના અભાવે સેક્ટરોની શેરીઓથી લઈ જાહેર સ્થળોએ કચરાના ઢગ ખડકાયા છે. વૃક્ષોની ઝાટકણી વચ્ચે નજર નાંખો તો ગંદકી ખદબદતી જોવા મળે છે. ગ્રીનસીટીની સાથે હવે ક્લીનસીટીની મોસમ પણ વિસરાઈ ગઈ છે. નિર્મળનગરના સંદેશા સાથે શહેરને સ્વચ્છ બનાવવાની વાતો માત્ર કાગળ પર જ રહી ગઈ છે. આ મામલે છેલ્લા દોઢ દાયકાથી વિવિધ સમિતિ દ્વારા તૈયાર કરાયેલો રીપોર્ટ પણ લાખોના ખર્ચ બાદ ધૂળ ખાય છે. વર્ષ ૧૯૯૬ દરમિયાન સફાઈના મામલે અસ્નાની સમિતિ અને ત્યારબાદ ટાટા કન્સલટન્સી અને નવી મુંબઈના બાંધકામમાં ભાગીદારી એજન્સીને આ મામલે રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ દરમિયાન સમિતિ કક્ષાએથી તૈયાર કરાયેલા રીપોર્ટનો આજદિન

● અનુસંધાન પાન-૭ પર

ટુંકી જાહેર નિવિદા

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગાંધીનગર દ્વારા ફ્લેક્ષ પ્રિન્ટીંગની કામગીરીમાં રસ ધરાવતી એજન્સીઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે તેમજ ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરવા માટે નિગમની વેબસાઈટ www.gujarattuurism.com/tenders પર જોવા વિનંતી છે. ભરેલ ટેન્ડર તા. ૫/૧૨/૨૦૧૩ સુધીમાં ટેન્ડરમાં જણાવેલ સરનામે રજૂ કરવાના રહેશે.

મેનેજર (માર્કેટીંગ)

ધાનેરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર
જાહેર નિવિદા સને ૨૦૧૧

નગરપાલિકા ધાનેરા દ્વારા બે કામો જેની અંદાજીત કિંમત ૯.૯૮ લાખ તેમજ ૨૧.૫૪ લાખ છે. જેને ગુજરાતના સરકારના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓન લાઈન માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨૬/૧૧/૨૦૧૩ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રીજેક્ટ કરવા અંગેની પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

ક્રમ	વિગત	તારીખ
૧.	ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ	તા. ૨૬/૧૧/૨૦૧૩થી તા. ૭/૧૨/૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક સુધી
૨.	ટેન્ડર ઓનલાઈન સબમીશન	તા. ૭/૧૨/૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક સુધી
૩.	ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહી) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આરપીએડી/સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ	તા. ૯/૧૨/૨૦૧૩ થી તા. ૧૧/૧૨/૨૦૧૩ ૧૬-૦૦ કલાકે
૪.	ટેન્ડર ઓપનીંગ	તા. ૧૨/૧૨/૨૦૧૩

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

(કલ્પેશ ભટ્ટ) I/C ચીફ ઓફીસર નગરપાલિકા ધાનેરા
(નરસિંહજી બી. રાજપુત) ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા ધાનેરા
(પીનાબેન એમ. પટેલ) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા
(ભાવતજી સી. બારોટ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા

હાર્દિક શુભેચ્છા

ગણપતસિંહ બનેસિંહ રાઠોડ
પ્રમુખશ્રી, (મુખી. દો.વાસણા)
મો. ૯૮૨૪૬ ૪૮૧૨૩

આપની ગાંધીનગરની રાજપૂત યુવા વિકાસ પરિષદની કારોબારીમાં પસંદગી પામવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

શુભેચ્છક
રાઠોડ બનેસિંહ નટવરસિંહ - દો. વાસણા
રાઠોડ સંજયસિંહ બનેસિંહ - દો. વાસણા
રાઠોડ અમરસિંહ બનેસિંહ - દો. વાસણા
ઝાલા ફુલુભા હાલુભા - ચિલોડા મોટા

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com